# પ્રસાર શિક્ષણ ભવન
## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

---

## <u>પરિપત્ર</u>

આ કચેરીના પરિપત્ર ક્ર. નં. આકૃયુ/ ઈઈઆઈ/ સ્વચ્છ ભારત મિશન/૩૫૨૫/૨૦૧૫ તા. ૬.૧૦.૨૦૧૫ થી 'સ્વચ્છ ભારત મિશન' ને સફળ બનાવવા માટેની કામગીરી યુનિટ કક્ષાએ કરવા જણાવવામાં આવ્યું હતું.

વધુમાં, યુનિવર્સિટીનાં તમામ અધિકારીશ્રીઓની તા. ૦૧/૧૦/૨૦૧૫ નાં રોજ મળેલી બીજી બેઠકની કાર્યવાહી નોંધમાં (અન્ય બાબતો (૪)) માનનીય કુલપતિશ્રીએ જણાવ્યા મુજબ, **<u>સમગ્ર વર્ષ દરમિયાન યુનિવર્સિટી એકંદરે સ્વચ્છ રહે તેવી કામગીરી હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે.</u>** આમ, અગાઉ પરિપત્રમાં જણાવ્યા મુજબ નીચે મુજબની કામગીરી દરેક યુનિટ/સબયુનિટ કક્ષાએ હાથ ધરવાની રહે છે.

૧. દરેક યુનિટ કક્ષાએ જે તે યુનિટ વડાએ ત્રણ સભ્યોની સમિતિ રચવી. સદર સમિતિ 'સ્વચ્છ ભારત મિશન' ને સફળ બનાવવા નીચેની કામગીરી અસરકારક રીતે થાય તેનું ધ્યાન રાખશે. સદર સમિતિની વિગતો eei@aau.in માં દિન-૭ માં મોકલી આપવી.

૨. યુનિટના દરેક સભ્યોએ પરિસર સ્વચ્છ રાખવા આ અભિયાનમાં ભાગ લેવો અને શ્રમદાન કરવું.

૩. યુનિટ / ડિપાર્ટમેન્ટ કક્ષાએ ઓછી સ્વચ્છ જણાતી ત્રણ જગ્યાઓ નક્કી કરવી અને તેને સ્વચ્છ કરવી. સ્વચ્છતાં કર્યા પહેલા અને પછીના ફોટોગ્રાફ યોગ્ય કેપ્સન સાથે દર ત્રણ મહિને (ડિસેમ્બર, માર્ચ, જૂન, સપ્ટેમ્બર અંતીત) eei@aau.in માં મોકલી આપવા.

૪. બિનઉપયોગી ફાઈલો અને ડેડસ્ટોક વસ્તુઓ નિયમાનુસાર રદ બાતલ કરવાની કાર્યવાહી કરવી.

૫. જૂની ફાઈલો અને ડેડસ્ટોક વસ્તુઓનું યોગ્ય વર્ગીકરણ કરી, તેનું લિસ્ટ બનાવી દફતર વર્ગીકરણના નિયમાનુસાર કાર્યવાહી કરવી.

૬. પરિસર રોજે રોજ સ્વચ્છ રહે, તે માટે જરૂર જણાય તો વધારાની કચરાપેટીઓ મુકી, તેના નિકાલની વ્યવસ્થા ગોઠવવી.

૭. હોસ્ટેલ રેક્ટરોએ હોસ્ટેલ પરિસર સ્વચ્છ રહે એ માટે વિદ્યાર્થીઓના શ્રમદાનનો ઉપયોગ કરી હોસ્ટેલ પરિસર અને તેની આસપાસનો ભાગ સ્વચ્છ બનાવવો.

૮. યુનિટ કક્ષાએ બનાવેલી સમિતિએ તેમના યુનિટના અધિકારીઓ / કર્મચારીઓ / રોજમદારો / વિદ્યાર્થીઓને કચરો ગમે ત્યાં ન ફેકવાં માટે સમજાવવાં, જેથી પરિસર આપોઆપ જ સ્વચ્છ રહેશે.

૯. કાર્યપાલક ઈજનેરશ્રીએ ડિગ્રેડેબલ અને અનડિગ્રેડેબલ કચરો અલગ અલગ એકઠો કરવાની અને તેના યોગ્ય નિકાલની વ્યવસ્થા ગોઠવવી.

૧૦. કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા ક્વાર્ટ્સની જુદી જુદી કક્ષાની ત્રણ ત્રણ સભ્યોની સમિતિ બનાવવી અને ક્વાર્ટ્સ અને તેની આસપાસના પરિસરને સ્વચ્છ રાખવાની કામગીરી સમિતિ મારફત હાથ ધરાવવી.

૧૧. સિક્યુરિટી કર્મચારીઓએ કેમ્પસ પરિસર સ્વચ્છ રહે તેનું ધ્યાન રાખવું અને જરૂર જણાય તો ઉપરી અધિકારીનું ધ્યાન દોરવું.

૧૨. કાયમી / રોજમદાર ડ્રાઈવરોએ તેમના વાહનની બહારથી અને અંદરથી રોજેરોજ સાફ સફાઈ કરવી.

૧૩. પાણી પીવાના સ્થળે એટેલે કે, વોટર કુલર, એકવાગાર્ડની આસપાસ સહેજ પણ ગંદુ ન રહે તેનું ખાસ ધ્યાન રાખવું. તેનાથી ડેન્ગ્યુ થવાનો ભય રહેલો છે.

૧૪. કેમ્પસમાં કચરાના નિકાલ માટે કચરો સળગાવવો નહીં.

૧૫. લાગુ પડતાં દરેક મુદ્દા મુજબનો ઉપરોક્ત સમગ્ર કામગીરીનો ડિસેમ્બર -૨૦૧૫ અંતીત પ્રથમ અહેવાલ ફોટોગ્રાફ સહિત eei@aau.in માં ૧૦ જાન્યુઆરી-૨૦૧૬ સુધીમાં મોકલી આપવો.

નિયામક

નં. આકૃયુ/ ઈઈઆઈ/ સ્વચ્છ ભારત મિશન/૩૭૦૪/૨૦૧૫
તા: ૧૯.૧૦.૨૦૧૫

નકલ સવિનય રવાના :

૧. આચાર્યશ્રી, બં.અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ
૨. આચાર્યશ્રી, ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી એન્ડ બાયોએનર્જી, આ.કૃ.યુ., આણંદ
૩. આચાર્યશ્રી, વેટરનરી સાયન્સ, આ.કૃ.યુ., આણંદ
૪. આચાર્યશ્રી, એગ્રીકલ્ચર એન્જિનીયરિંગ એન્ડ ટેકનોલોજી, આ.કૃ.યુ., ગોધરા
૫. આચાર્યશ્રી, કોલેજ ઓફ ડેરી સાયન્સ, આ.કૃ.યુ., આણંદ
૬. આચાર્યશ્રી, કોલેજ ઓફ એગ્રીકલ્ચર ઇન્ફોર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ., આણંદ
૭. આચાર્યશ્રી, ઇન્ટરનેશનલ એગ્રી બીઝનેસ મેનેજમેંટ ઇન્સ્ટિટ્યૂટ, આ.કૃ.યુ., આણંદ
૮. કાર્યપાલક ઇજનરશ્રી, આ.કૃ.યુ., આણંદ

તરફ જાણ સારૂં તેમજ 'સ્વચ્છ ભારત મિશન' સમિતિનાં આપ સભ્ય હોવાથી ઉપરોક્ત કામગીરી અસરકારક રીતે થાય તેવા પગલાં લેવાની વિનંતી સાથે.

નકલ રવાના :

૧. તમામ યુનિટ/ સબયુનિટ / વિભાગીય વડા તરફ જાણ સારૂં તેમજ 'સ્વચ્છ ભારત મિશન' ની ઉપરોક્ત કામગીરી અસરકારક રીતે કરવા સારૂં.
૨. ડૉ.એ.સી.પટેલ, વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, ઇ.ઇ.આઈ, આ.કૃ.યુ., આણંદ ને જાણ તેમજ ઉપરોક્ત 'સ્વચ્છ ભારત મિશન' માટેના અહેવાલ/ફોટોગ્રાફ મંગાવી યુનિવર્સિટી કક્ષાનો અહેવાલ તૈયાર કરી માન.કુલપતિશ્રીને રજૂ કરવાની વિનંતી સાથે.
૩. માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રીને જાણ સારૂં.